Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN: 2321- 4708
Sept. 2021, Year - 8 (101)
Paper ID: RRJ070336

# ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

By
CHAVDA PUSHPABEN N.
PH.D RESEARCH SCHOLAR, UNIVERSITY SCHOOL OF PSYCHOLOGY, EDUCATION AND PHILOSOPHY GUJARAT UNIVERSITY, AHMEDABAD-380009.

**સારાંશઃ-**

ભાવનગર જિલ્લાન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવા માટે ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં 240 વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ સમસ્યાઓ જાણવા માટે ડો.આર.એસ.પટેલ રચિત સમસ્યાસૂચિનો ઉપયોગ કર્યો હતો, અને સર્વેક્ષણ-કારણ તુલનાત્મક સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી પૃથક્કરણ માટે આંકડાશાત્રીય પ્રયુક્તિમાં વિદ્યાર્થીઓની વિભાગવાર સમસ્યાઓની ટકાવારી શોધવામાં આવી છે. અને આગાહી સૂચક આંકડાશાસ્ત્રી પ્રયુક્તિમાં ચલોની તુલના કરવા માટે શતમાનની સાર્થકતા નક્કી કરવા CRની ગણતરી કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દોઃ** સમસ્યાઓ, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ

**સમસ્યાઃ** માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય દરમ્યાન આવતી અવરોધક બાબતોના વિદ્યાર્થીની મુશ્કેલી કે સમસ્યા ગણવી'

**માધ્યમિક શાળાઃ** 'ગુજરાત સરકારે માન્ય કરેલ માધ્યમિક શિક્ષણ ધારાની કલમ-31 હેઠળ નોંધાયેલ સંખ્યા મુજબ ધોરણ-9 અને ધોરણ-10 ના વિદ્યાર્થીને શિક્ષણ આપતી માન્ય શાળા.'

## ➦ પ્રસ્તાવના

વર્તમાન યુગએ આધુનિક યુગ છે. આજે વિશ્વએ દરેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી છે.દરેક ક્ષેત્ર પ્રગતિનું મૂળ શિક્ષણને ફાળે જાય છે. **કોઠારી શિક્ષણપંચે (1964-66)ખૂબ સરસ વાત કરી છે. "જો દેશમાં હિંસક ક્રાંતિ વિના સમાજમાં વિરાટ સ્વરૂપ પરીવર્તન લાવનાર કોઈ સાધન હોય તો તે શિક્ષણ છે."**કેળવણીને તબક્કે વિદ્યાર્થીઓને નૂતનયુગના પરિપ્રેક્ષ્યમાં સર્વગ્રાહી શિક્ષણ આપવું જોઈએ અને તેનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેમનામાં એવું નૈપુણ્ય ઉત્પન્ન કરવું જોઈએ કે જેથી તેઓ નવા યુગમાં તેમના જીવનનો સર્વાંગી વિકાસ સાધવામાં સફળ થાય. વિદ્યાર્થીને સતત અને સર્વગ્રાહી શિક્ષણ પહેલા જીવનમાં અનેક સમસ્યાઓ ઉદભવતી હોય છે. અને તે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થઈઓની ઉમર સોળ-સત્તર વર્ષની હોય છે. આ અવસ્થા પૂર્ણ તરૂણા અવસ્થાનો સમયગાળો



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ070336

ISSN: 2321- 4708
Sept. 2021, Year - 8 (101)
Paper ID: RRJ070336

છે. વિદ્યાર્થીના જીવનમાં અને શિક્ષણના સંદર્ભ અનેક પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓની સમસ્યાઓ કયા પ્રકારની છે. તે જાણવું ખૂબ જ જરૂરી છે. તે માટે સંશોધકે વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

➦ **સમસ્યાકથન**

ભાવનગ જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોનાં સંદર્ભમાં અભ્યાસ.

➦ **સમસ્યાની સૈધ્ધાંતિક વ્યાખ્યાઓ**

F. L. Witeny ના મતે સમસ્યાની વ્યાખ્યા નીચે મુજબ આપેલ છે.

'To define a problem means to put a fence around if too separate it by careful distions from like questions, found in related situation of need'

મોહિની આચાર્યના મતે

"સમય, સ્થળ અને સંસ્થાના સાધનોની મર્યાદામાં રહીને તપાસવા માટે સ્વીકારેલી કે ઉકેલ તરફ ગતિ કરવામાં દિશાસૂચક બને તે માટે રજૂ કરતી સમસ્યાને સંશોધન સમસ્યા કહે છે."

➦ **અભ્યાસના હેતુઓ**

1. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવો.
2. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

➦ **અભ્યાસના પ્રશ્નો**

1. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના છોકરાઓની સમસ્યાઓ કઈ હશે?
2. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાની છોકરીઓની સમસ્યાઓ.
3. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની સમસ્યાઓમાં શો તફાવત હશે?

➦ **વ્યાપવિશ્વ અને નિદર્શ**

⌘ **વ્યાપવિશ્વ**

ભાવનગર જિલ્લામાં આવેલી ગુજરાત માધ્યમની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનો વ્યાપવિશ્વ છે.

⌘ **નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નિદર્શની પસંદગી માટે ભાવનગર જિલ્લામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓની યાદીમાંથી આશરે 240 વિદ્યાર્થીઓની પંસદગી ઝૂમખા પધ્ધતિ દ્વારા કરવામાં આવી હતી. સહેતુક પધ્ધતિ દ્વારા સ્કૂલોની પસંદગી કરવામાં આવી હતી.

➦ **સંશોધન પધ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિમાં કારણ તુલનાત્મક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

➦ **ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સંશોધકે ડો.આર.એસ.પટેલ રચિત સમસ્યાસૂચિનો ઉપયોગ કર્યો હતો.

➦ **અભ્યાસની મર્યાદાઓ**

1. પ્રસ્તુત અભ્યાસ ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
2. પ્રસ્તુત અભ્યાસ ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ સિવાય અન્ય વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ નથી.
3. પ્રસ્તુત સંશોધન ઉપકરણ તરીકે સ્વરચિત સમસ્યાસૂચિનો ઉપયોગ કરેલ છે.

➦ **માહિતી એકત્રીકરણ યોજના**

માહિતી એકત્રીકરણ કરવા માટે સંશોધકે નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ ભાવનગર જિલ્લાના અલગ અલગ તાલુકામાંથી 5 સ્કૂલોની પસંદગી કરીને 240 વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં જઈને શાળાના આચાર્યશ્રીને મળીને અભ્યાસનો વિષય અને હેતુ જણાવ્યા બાદ સમસ્યાસૂચિ ભરાવવાની અનુમતિ અનુસાર માહિતી એકત્રીકરણ કરવામાં આવી છે.

➦ **માહિતી વિશ્લેષણ**

પ્રસ્તુત સંશોધન માટે માહિતી વિશ્લેષણમાં આંકડાશાસ્ત્રી પ્રયુક્તિ વિદ્યાર્થીઓની વિભાગવાર સમસ્યાઓની ટકાવારી શોધવામાં આવી છે અને શતમાનની સાર્થકતા નક્કી કરવા માટે CRની ગણતરી કરવામાં આવી છે.

➦ **પરિણામો અને અર્થઘટન**

**સારણી-1**

**માધ્યમિક શાળાના છોકરાઓની વિભાગવાર સમસ્યાઓની ટકાવારી દર્શાવતી સારણી**

| ક્રમ | વિભાગનું નામ | સમસ્યાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | શારીરિક અને આરોગ્ય વિષયક પ્રશ્નો | 772 | 22.87% |
| 2 | સામાજીક પ્રશ્નો | 579 | 26.02% |
| 3 | આર્થિક પ્રશ્નો | 1345 | 30.19% |
| 4 | વ્યક્તિગત પ્રશ્નો | 821 | 27.64% |
| 5 | શૈક્ષણિક પ્રશ્નો | 545 | 25.23% |
| 6 | ધાર્મિક નૈતિક પ્રશ્નો | 1454 | 37.13% |

માધ્યમિક શાળાના છોકરાઓને સૌથી વધુ વ્યક્તિગત સાંવેગિક અને ધાર્મિક સમસ્યાઓ નડે છે અને સૌથી ઓછી શૈક્ષણિક વિષયક પ્રશ્નોની સમસ્યાઓ નડે છે.

**સારણી-2**

**માધ્યમિક શાળાની છોકરીઓની વિભાગવાર સમસ્યાઓની ટકાવારી દર્શાવતી સારણી**

| ક્રમ | વિભાગનું નામ | સમસ્યાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | શારીરિક અને આરોગ્ય વિષયક પ્રશ્નો | 654 | 24.57% |
| 2 | સામાજીક પ્રશ્નો | 455 | 25.88% |
| 3 | આર્થિક પ્રશ્નો | 1012 | 29.20% |
| 4 | વ્યક્તિગત પ્રશ્નો | 651 | 28.18% |
| 5 | શૈક્ષણિક પ્રશ્નો | 397 | 23.63% |
| 6 | ધાર્મિક નૈતિક પ્રશ્નો | 992 | 32.57% |



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ070336

ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાની છોકરીઓની વિભાગવાર સમસ્યાઓની સંખ્યાની ટકાવારીના આધારે છોકરીઓને સૌથી વધારે આર્થિક સમસ્યાઓ નડે છે અને સૌથી ઓછી શૈક્ષણિક વિષયક પ્રશ્નોની સમસ્યાઓ નડે છે.

**સારણી-3**

**માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની વિભાગવાર સમસ્યાઓની સમસ્યાઓની ટકાવારીની તુલના**

| ક્રમ | વિભાગનું નામ | છોકરાઓની સમસ્યા ટકા | છોકરીઓની સમસ્યા ટકા | P | Q | SED% | CR | Sing |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | શારીરિક અને આરોગ્ય વિષયક પ્રશ્નો | 22.87% | 24.57% | 23.61% | 76.38% | 5.52% | 0.30% | NS |
| 2 | સામાજીક પ્રશ્નો | 26.02% | 25.88% | 27.27% | 72.72% | 5.57% | 0.49% | Ns |
| 3 | આર્થિક પ્રશ્નો | 30.19% | 29.20% | 29.75% | 70.24% | 5.94% | 0.16% | NS |
| 4 | વ્યક્તિગત પ્રશ્નો | 27.64% | 28.18% | 27.87% | 72.12% | 5.83% | 0.09% | NS |
| 5 | શૈક્ષણિક પ્રશ્નો | 25.23% | 23.63% | 24.53% | 75.47% | 5.59% | 0.28% | NS |
| 6 | ધાર્મિક નૈતિક પ્રશ્નો | 37.13% | 32.57% | 35.13% | 64.86% | 6.21% | 0.73% | NS |

ભાવનગર જિલ્લાના માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની સમસ્યાઓ જેવી કે શારીરિક અને આરોગ્ય વિષયક પ્રશ્નો, સામાજિક પ્રશ્નો, આર્થિક પ્રશ્નો, વ્યક્તિગત-સાંવેગિક પ્રશ્નો શૈક્ષણિક પ્રશ્નો અને ધાર્મિક નૈતિક જેવી સમસ્યાઓમાં શતમાનનો તફાવત સાર્થક નથી.

➡ **સંશોધનના તારણો અને ફલિતાર્થો**

ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને શારીરિક અને આરોગ્ય વિષયક સમસ્યાઓ વધુ જોવા મળે છે.

1. હું પોતાની જાતને નરમ સ્વભાવનો માનું છું.
2. હું અભ્યાસ સમયે માનસિક તણાવમાં રહું છું.
3. મારાથી લાંબા સમય સુધી એક ધારા બેસી શકાતું નથી.
4. મારામાં આત્મવિશ્વાસના અભાવથી કોઈપણ શિક્ષણ અને શૈક્ષણિક સમસ્યા રજૂ કરી શકતો નથી.

➦ **સંશોધનના ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસના ફલિતાર્થો નીચે મુજબ છે.

1. શિક્ષકે વિદ્યાર્થીઓની શારીરિક શક્તિઓને ઓળખીને શક્તિ મુજબ જવાબદારીનું કામ વિદ્યાર્થીઓને સોપવું જોઈએ.
2. શિક્ષકે પોતાના શિક્ષણકાર્યને વધુ અસરકારક ઓજસ્વી બનાવવા માટે વિવિધ વિદ્યાર્થીની અધ્યાપન પધ્ધતિ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો પ્રસંગોચિત ઉપયોગ કરી પોતાના શિક્ષણકાર્યને અસરકારક અને ચેતનવંતુ બનાવવું જોઈએ.
3. શાળામાં સમૂહજીવન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રવાસ જેવા કાર્યક્રમો ગોઠવવા જોઈએ. જેથી વિદ્યાર્થીને સામાજીક જ્ઞાન આપવું.
4. છોકરા-છોકરીઓમાં એક બીજા પ્રત્યેનો સંકોચ દૂર કરી વ્યક્તિત્વનો વિકાસ થાય અને હંમેશા તેની સહાનુભૂતિપૂર્વક વર્તવું જોઈએ. તેના સંવેગોની કદર કરવી જોઈએ.
5. વિદ્યાર્થીઓને નૈતિક-આધ્યાત્મિક અને મૂલ્ય શિક્ષણ માટે વિવિધ ધર્મોને આવરી તેના નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ.

➦ **ઉપસંહાર**

પ્રસ્તુત અભ્યાસ એ ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવા માટે સંશોધન હાથ ધરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવા માટે સમસ્યાસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ કર્યા બાદ તેનું આંકડાશાસ્ત્રીય અર્થઘટન કરીને તેના તારણો જાણવાનો પ્રયાસ કરેલ છે. અભ્યાસની અનેક મર્યાદાઓ હતી છતાં અભ્યાસના એક ભાગરૂપે આ કાર્ય પૂર્ણ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે.

➦ **સંદર્ભસૂચિ**


- દેસાઈ, કે.જી. (2013), **‘શૈક્ષણિક પ્રાયોગિક’** (આઠમી આવૃત્તિ), અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
- મોહિનીબેન આચાર્ય (2009), **‘શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર’** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ અક્ષર પબ્લિકેશન.
- પટેલ, આર.એસ. (2015), **‘સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર’** (ત્રીજી આવૃત્તિ), અમદાવાદઃ જય પબ્લિકેશન.
- શાહ, ડી.બી. (2004), **‘શૈક્ષણિક સંશોધન’**, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
- શુક્લ, એસ.એસ. (2012), **‘એક્સલ અને પ્રદત્ત વિશ્લેષણ’** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ ક્ષિતિ પબ્લિકેશન.




Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ070336

ISSN: 2321- 4708
Sept. 2021, Year - 8 (101)
Paper ID: RRJ070336


- શુક્લ, એસ.એસ. (2014), **'સંશોધન એક પરિચય'** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ ક્ષિતિ પબ્લિકેશન.
- Best, John, W. (1966), **'Educational Research'**, New Delhi : Arya Book Depot.
- Chaudhary P., (2016), **'Secondary Education in India, Issues and Concerns'**




Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-101-september-2021/RRJ070336